સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

બટકણો સ્વભાવ, પ્લાસ્ટિકથી નાતો તોડી નાખો !
તકવાદી છે, પ્લાસ્ટિકથી પ્રેમગાંઠ છોડી નાખો !
કરે છે બરબાદ, જીવન બાહ્ય આકર્ષણથી -
છે એ વિષકન્યા, ચૂંબનનો પ્યાલો ઢોળી નાખો !

કરોવો બંધ
પ્લાસ્ટિકની ગંગોત્રી
મૂળમાંથી જ!

મળે મંજૂરી,
મૃત્યુના પરવાના -
મિલિભગત!
(ફેક્ટરીઓ ને મંજૂરી આપે છે કોણ?!)

હાઈકુ

ચિંતન

અવિદ્યાસ્મિતારાગદ્વેષાભિનિવેષાઃ કલેશાઃ ॥

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અવિદ્યા એટલે આત્માનું જ્ઞાન જેને લીધે જ સંસાર અપાર લાગે છે. જાગનારને રાત લાંબી લાગે છે. થાસેલાને જોજન જેટલું અંતર પણ લાબું લાગે છે. સધર્મને ન સમજતા અજ્ઞાન માનવો ને સંસાર લાંબો લાગે છે.

આત્મવિદ્યાથી વિવેક આવે છે એમનો આત્મા સદાય જાગૃત રહે છે. જાગૃત આત્મા દરેક કાર્યના આતચરણ વિચારી વિચારીને કરે છે. જેથી તેને સંસારમાં કડવા ફળ ચાખવાં મળતાં નથી અને જીવનપથ સરળ રીતે આનંદ - ઉત્સાહથી પસાર થઈ જાય છે.

સુવિચાર

- વિદ્વાનોનું એવું કહેવું છે કે ધરતી પરના બધાં જ માણસો મૂર્ખ છે, એમાં જેઓ ઓછા મૂર્ખ છે, એમને શાણા ગણવા - **એસ. ભટ્ટાચાર્ય**
- ધીરજ, ધર્મ, મિત્ર ઔર નારી, આપદ્કાલ પરખિયે ચારી - **તુલસીદાસ**
- બાહ્ય ધનદોલત પ્રાપ્ત કરવાની ધૂનમાં જ પોતાનું આત્મધન હણતો નથી, તેનાં જ અનુષ્ઠાનો સાર્થક થયાં છે - **હરિભાઈ કોઠારી**
- વિદ્વાન સન્માનને વિષ જેવું ગણે છે અને તેઓ તેનાથી દૂર જ રહે છે - **મનુસ્મૃતિ**
- અવસ્થાઓ બધી કુદરતી અને સ્વસ્થતા આપણી - **આપ્તસૂત્ર**
- ત્યાગનું ફળ મોક્ષ નથી, જ્ઞાનનું ફળ મોક્ષ છે ? - **નીરુબેન અમીન**
- આજનું ઔષધ : મૂળાના પાન પાણીમાં ઉકાળીને ઠંડા પડ્યા પછી તે પાણીમાં મસળી નાખી ગાળીને તે પાણીમાં થોડી ખડીસાકર ઉમેરી બે મહિના સુધી નરણાં કોઠે પીવાથી મસા, હરસ મટી જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઉજ્જૈનના કવિ માઘને તેમના જ્ઞાનનું અભિમાન હતું. એકવાર તેઓ ચાલતા જતા હતા ત્યાં રસ્તામાં એક વૃદ્ધા જોઈ તે ઘરની બહાર બેસીને પૌત્ર ને રમાડતા નિર્દોષ આનંદમાં હતા. માઘે રસ્તો પૂછવા વૃદ્ધા પાસે ઊભા રહ્યા. પણ જ્ઞાનનો અભિમાનનો રણકો છૂપો ન રહ્યો. તેણણે પૂછ્યું 'માતા, આપ મને જણાવી શકશો કે આ રસ્તો કયાં જાય છે ?'

વૃદ્ધા માઘને ઓળખી ગઈ. છતાં તેણીએ કહ્યું, 'આપ કોણ છો ?' માઘે કહ્યું, 'હું મુસાફર છું.' વૃદ્ધાએ હસીને કહ્યું, 'મુસાફર તો સૂર્ય અને ચંદ્રમાં બે જ છે. સાચું કહો તમે કોણ છો ?' માઘે ગુસ્સામાં કહ્યું, 'હું ક્ષણભંગુર મનુષ્ય છું.' વૃદ્ધાએ કહ્યું 'ક્ષણભંગુર તો યૌવન અને ધનએ બે જ છે એવું પુરાણોમાં લખ્યું છે.' માઘે કહ્યું, 'હું રાજા છું' વૃદ્ધા એ કહ્યું, 'તમે રાજા કેવી રીતે હોઈ શકો ?' શાસ્ત્રમાં તો યમ એ ઈન્દ્ર બેને જ રાજા ગણ્યા છે' માઘ અભિમાન પૂર્વક બોલ્યા, 'હું તો ક્ષમા આપનાર આત્મા છું.' વૃદ્ધાએ કહ્યું, 'ક્ષમાઝીલતામાં પૃથ્વી અને નારીની તોલે કોઈ ન આવે.'

માઘ વૃદ્ધાની વાતો સાંભળી સ્તબ્ધ થઈ ગયા અને કહ્યું, 'માતા હું હારી ગયો, હવે તો માર્ગ બતાવો. 'વૃદ્ધા ફરી બોલ્યા.' મહાત્મા, સંસારમાં કોઈ હારતું નથી. બે જ જણ હારે છે એક દેવું કરનાર એ એક ચારિત્ર્ય ગુમાવનાર.

માઘ મૌન થઈ ગયા. ત્યારે વૃદ્ધાએ કહ્યું, 'મહાપંડિત હું જાણું છું કે તમે માઘ છો મહાવિદ્વાન છો. પરંતુ જ્ઞાનની સાથે અભિમાન નહિં, વિનમ્રતા જ શોભે છે.'

આટલું કરી વૃદ્ધાએ માઘને માર્ગ દેખાડ્યો.

અટલ, અડગ, અવિચલ

તંત્રીસ્થાનેથી...

અટલબિહારી વાજપેયીની તબિયત લથડતાં દિલ્હીના એમ્સ ઈન્સ્ટિટ્યુટમાં નિરીક્ષણ અને સારવાર હેઠળ રખાયા છે. ત્યારે એમને કેન્દ્રમાં રાખીને રાજકારણ શરુ ના થાય તો જ નવાઈ. ભારતીય રાજકારણમાં આવા પ્રસંગોને તક ગણવાનો રિવાજ છે. આથી જેવા પૂર્વ વડાપ્રધાનને હોસ્પિટલમાં ખસેડાયા હોવાના સમાચાર મળ્યા કે સૌ પહેલાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ એમની ખબર કાઢવા પહોંચી ગયા. આથી ભાજપમાં શ્રદ્ધા ધરાવનારા મતદાતાઓને પણ એક ગર્ભિત સંદેશ પહોંચ્યો કે રાહુલ ગાંધીના સંકુચિત વર્તુળોમાં પુરાઈ રહેનારા એકાંગી નેતા નથી. રાહુલ ગયા એટલે મોદીને પણ જવું પડ્યું. અડવાણી તો જાય જ, એમણે વાજપેયીના શાસનકાળમાં વાજપેયીને ઓવરટેક કરીને કરેલા કેટલાક નિર્ણયો આજે એમને ભારે પડી રહ્યા છે - પરંતુ એ કહે તો પણ કોને ? અડવાણી પાસે એવો કોઈ ખભો નથી જેના પર માથું ઢાળીને તેઓ પોતાનું દુઃખ રડી શકે. વાજપેયી જીવે છે પણ ફરત જીવે છે એટલું જ. અલ્ઝાઈમર જેવા સ્મૃતિભ્રંશના દર્દથી પીડાતા હોઈ આસપાસ શું ચાલી રહ્યું છે - પોતે કયાં છે અને કોણ છે, એ બાબતોથી પણ એમને ખબર પડતી હશે કે કેમ તે પ્રશ્ન છે. એવી ખબર પડતી હોત તો પથારીમાં પડ્યાં પડ્યાં કે વ્હીલ ચેરમાં બેઠાં બેઠાં પણ તેઓ પોતાનો કોઈ ને કોઈ વિચાર રજૂ કરતા રહ્યા હોત. મૂળે તેઓ પ્રખર સર્જનાત્મક પ્રતિભા ધરાવનારા કવિ જીવ છે. પરંતુ આખરે આ બધી વિશિષ્ટ ક્ષમતાઓ ઉંમર સાથે ઓસરતી જાય છે અને અંતિમ તબક્કે ચાલતી માત્ર લેજિલેટિવ એપ્ટિસ્ટંસ બનીને રહી જાય છે, તે વાજપેયી અને જયોર્જ ફર્નાન્ડિસ જેવા પ્રતિભાવંત નેતાઓની સ્થિતિ છે ! વાજપેયીએ ગઠબંધન રાજનીતિનો આદર્શ નમૂનો કહી શકાય એવી સરકાર આપી હતી. ત્રણ ચાર વડાપ્રધાન પદના શપથ લેનારા આ કવિ રાજપુરુષ એક મવાર તેર દિવર, બીજી વાર તેર મહિના અને ત્રીજી વાર સાડા ચાર વર્ષ સુધી એ પદ પર ગરિમાભૂર્વક ફરજ બજાવી ચૂકયા છે. મોદી પાસે છે એવી સુવાંગ બહુમતી લાવવાનું એમનું ગજનું નહોતું. પરંતુ ચાર વર્ષના શાસનકાળમાં મોદી વિશે જનસાધારણનું ભ્રમનિરશન થઈ ગયું છે, એનું વાજપેયી વિશે નહોતું થયું. હા, અડવાણી અને સંઘના ઘોંચપરોણાથી એ વ્યથિત જરૂર થયા હતા. તબિયત પણ સાથ નહોતી આપતી. અડવાણીએ એમના ઘણા નિર્ણયોનો અમલ અટકાવ્યો હતો. મોદીને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય વાજપેયીનો નહોતો. એ તો કેશુભાઈ પટેલના વિકલ્પે કાશીરામ રાણા જેવા ડાઉન ટુ અર્થ ઓબીસી નેતાની તરફેણ કરતા હતા. એ જ રીતે ગોધરાંકાંડ પછી તેઓ ગુજરાતની મુલાકાતે આવી મોદીને જાહેરમાં 'રાજધર્મ' ના પાઠ ભણાવી ગયા હતા. એમનું ચાલ્યું હોત તો ત્યારે જ મોદીને ગુજરાતની ગાદી છોડવી પડી હોત. અડવાણીએ એમના લાડકા અનુયાયીને બચાવ્યા હતા તે સર્વવિદિત છે 'ભારતરત્ન' વાજપેયી સૂનાકારની દયનીય હાલતમાં ભૂતકાળ ભૂલી ગયા હશે. એ સાચા અર્થમાં 'પરમહંસ' સ્થિતિને પામ્યા હોય એમ લાગે છે. દેશ માટે એક ગરીબ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલ સંતાન પણ કેટલું કામ કરી શકે તેનું વાજપેયી ઝળહળતું ઉદાહરમ છે. ઈંદિરા ગાંધીના અણુ સ્વપ્નને વાજપેયીએ જ સાકાર કર્યું હતું તે ન ભૂલવું જોઈએ.

એ રસ્તો પણ છોડી દીધો અને શહેર પણ...

નવાં કલેવર

નટવર હેડાઉ

તે દિવસે ત્રણ માળની ઈમારતની સામે તે ઊભો હતો. જયાં વર્ષો પહેલાં એક બંગલો જોવા મળતો. આ રસ્તે રોજ સવાર-સાંજ પસાર થતાં તે પળભર માટે અટકી જતો. તાજાં મહેંકતા ફૂલ જેવી સુકુમારી યુવાન છોકરીને અપલક જોઈ રહેતો. મે આ બંગલાની આગળના હર્યાભર્યા સુંદર બગીચામાં વ્હીલ ચેર પર બેઠેલ એક વૃદ્ધ માણસની સેવા-ચાકરી કરતી જોવા મળતી હતી. કયારેક તેના વાળમાં તેલનાંખી મસાજ કરતી, કયારેક ખભા અને પગ દબાવતી, તેને ચ્હા - નાસ્તો કરાવતી કે પછી વ્હીલ ચેરમાં બેસાડી ફેરવતી જોવા મળતી. તે વિચારતો કે વૃદ્ધ પુરુષ તેના પિતા હશે.

તેની સામે નજર પડતાં જ તે હંસી પડતી. અને જરાક શરમાઈ પણ જતી. તેની હરણી જેવી સુંદર આંખોમાં એકમ મૌન નિમંત્રણ જોવા મળતું. એ તેને પ્રેમ કરવા લાગ્યો હતો. અને કદાચ સામે પક્ષે પણ એવું જ હતું. તેથી તો જો કયારેક તેને ઑફિસથી પાછા ફરતાં મોડું થતું તો તે તેને દરવાજે ઊભેલી જોવા મળતી. તેની આંખોમાં ચિંતા પણ જોવા મળતી અને ફરિયાદ પણ... કયાં હતો તું ?

પ્રેમ જયારે તેની સીમા વટાવી ગયો ત્યારે એક દિવસ હિંમત એકઠી કરીને તે પેલા વૃદ્ધ માણસની સામે જઈ ઊભો રહ્યો અને વિનમ્ર સ્વરે બોલ્યો.

'નમસ્તે, મારું નામ ભૌતિક પટેલ છે. મારે સરકારી કાયમી નોકરી છે. વતનમાં હિંમતનગર પોતાનું મકાન છે અને...'

'પણ બેટા, તું છે કોણ ?' વૃદ્ધ માણસે તેની વાત કાપતાં પૂછ્યું, 'આ બધું તું મને સું કામ કહી રહ્યો છે.'

'જી, હું તમારી દીકરી સાથે લગ્ન કરવા માગુ છું.' તેણે નીચું જોઈને કહ્યું, આ સાંભળી વૃદ્ધ હંસી પડ્યો.

'છોકરા, તું ખોટી જગ્યાએ આવી ગયો છું. મારે કોઈ દીકરી નથી.'

'જી.... આ... છે ને તેની સાથે જ...' તેણે છોકરીની સામે જોઈ કહ્યું તો તે ભડકી ઉઠ્યા. 'આની સાથે ?'.... 'ટીના સાથે તું લગ્ન કરવા માંગે છે ? નાલાયક, જો હું અપંગ ન હોત તો તારા ટાંટીયા ભાંગી નાંખત અને તારી આ જીભડી ખેંચી લેત. અને તું... કહેતાં ટીનાની સામે જોઈ આંખો કાઢતા કહ્યું, કમજાત, ગરીબીના કીચડમાંથી તને બહાર કાઢી મેં તારી સાથે એ માટે લગ્ન કર્યા છે તે તું રસ્તે આવતા જતા - આલીમવાલી સાથે આંખ મીંચામણા કરતી ફર જા અંદર જા.'

તે સુનમૂન થઈ ગયો. તેણે તો સપનામાં પણ આવું વિચાર્યું ન હતું. તેને એવા સંસ્કાર તો મળ્યા નહોતા કે કોઈ પરિણીત સ્ત્રી ને પ્રેમ કરે અને નિઃસહાય માણસનું ઘર બરબાદ કરે.

તે હાથ જોડી ને ચાલી નીકળ્યો. પાછા વળી ને જોયું પણ નહીં. એ રસ્તો પણ છોડી દીધો અને શહેર પણ...

હવે વર્ષો પછી ઑફિસના કામે અહીં આવ્યો તો તેને જોવાનો મોહ છોડી ન શક્યો. પરંતુ મનમાં એક ચસક કાંટાની જેમ ખૂંચી.

આંખમાંથી બે મોતી નીકળીને એ રસ્તાને ચમકાવી ગયા.

સૃષ્ટિનું સર્જન અને અવતારી સંદર્ભ

ગુલમહોર

દિનેશ દેસાઈ

ગઝલ

"જિંદગીના કાર્ય કેરી હદ નથી,
શ્વાસને મરવાની પણ ફુરસદ નથી.
માત્ર ત્રણ પગલાં છે સૃષ્ટિની વિસાત!
અવનિમાં વામનથી મોટું કદ નથી.
રૂપના પરદા લગી આવી ગઈ,
એથી આગળ તો નજરની હદ નથી.
મેં તો માન્યું, સ્વર્ગમાં આરામ છે,
તું જ કર પુરવાર ત્યાં નારદ નથી.
'શૂન્ય' આ સર્જનની પાછળ હું જ છું.
એ સનાતન સત્ય છે, હુંપદ નથી."

- 'શૂન્ય' પાલનપુરી

ગુજરાતનું ગૌરવ અને ઉર્દૂ સાહિત્યના મરમી પ્રો. વારીસહુસેન અલવીએ કહ્યું છે કે "ગઝલ જીવાતા જીવનનો રસ અને સારાંશ હોઈ શકે. ખરી ગઝલ બાળકથી લઈને વૃદ્ધ હોય કે ગરીબથી લઈને અમીર હોય અથવા અભણથી લઈને ભણેલા સુધી સહુ કોઈ સમજી અને માણી શકે તેવી હોય." ગઝલની અદબ અને શાન આપણને ગઝલકાર 'શૂન્ય' પાલનપુરીની ગઝલોમાં જોવા મળે છે. તેઓએ નિજી મિજાજમાં દિલની ગહેરાઈથી લખેલી ગઝલો આજે તો ગુજરાતી ગઝલવિશ્વનું ઘરેણું અને સોનેરી સંભારણું બની ગઈ છે, ત્યારે તેમની ગઝલયાત્રામાં પડાવરુપ એક ગઝલનો રસાસ્વાદ પણ માણીએ.

પ્રસ્તુત ગઝલ મશહૂર ગઝલકાર 'શૂન્ય' પાલનપુરી (જન્મ તા. ૧૯-૧૨-૧૯૨૨, નિધન તા. ૧૭-૩-૧૯૮૭)ના જાણીતા દીવાન "શૂન્યની સૃષ્ટિ"માંથી લેવામાં આવી છે. આ ઉપરાંત તેમના ઉલ્લેખનીય દીવાનમાં "શૂન્યનો વૈભવ", "શૂન્યનું સ્મારક", "શૂન્યના અવશેષ" અને "શૂન્યનું વિસર્જન" મુખ્ય છે. સમગ્ર ગઝલનો તાર સ્વર સૃષ્ટિના સર્જન અને હિન્દુ અવતારી સંદર્ભ સાથે જીવનની સચ્ચાઈને પેશ કરે છે. ગઝલકારનો સ્થાયી ભાવ અધ્યાત્મની ઊંડાઈ છે તો અગમના ભેદ ઉકેલવાની ઊંચાઈ પણ છે. આ ગઝલ રમલ છંદ – ફાઈલાતૂન ફાઈલાતૂન ફાઈલૂન (ગાલગાગા ગાલગાગા ગાલગા)ની રેશમ દોરમાં બંધાયેલી છે.

મશહૂર ગુજરાતી શાયર અને પત્રકાર 'શૂન્ય' પાલનપુરીનું મૂળ નામ અલીખાન ઉસ્માનખાન બલોચ પણ મૂળ નામે એમને કોઈ ન ઓળખે. તેઓ જ્યારે ચૌદ વર્ષના હતા ત્યારથી 'રુમાની' ઉપનામથી ઉર્દૂ ગઝલો લખતા. તેમનો જન્મ અમદાવાદ નજીક લીલાપુર (સાબરમતી અને ચાંદખેડા વચ્ચે) ગામે થયો. પિતાનું નામ ઉસ્માનખાન અને માતાનું નામ નનીબીબી. દાદા લીલાપુરના જમીનદાર – દીવાન અને પિતા અશ્વોના સોદાગર.

તેઓ ચાર વર્ષના હતા ત્યારે જ પિતા ગુજરી ગયા. આથી તેઓ મોસાળ પાલનપુર રહીને જ ઉછર્યા અને મોટા થયા. મોસાળમાં તેમનો કલાલક્ષી અને સાહિત્યિક ઉછેર પણ થયો. મામા હુસેનખાન ભજનગાયક હતા અને માતા ઉપરાંત ત્રણેય માસી પણ સંગીતની જાણકાર હોવાની સાથે સાથે અરબી, ફારસી તથા ઉર્દૂની જાણકાર. આમ સાહિત્ય અને સંગીતનો લય બાળપણથી જ ઘૂંટાતો રહ્યો. સને ૧૯૩૯માં તેઓ મેટ્રિક થયા અને પાંચ વર્ષ પાલનપુર નવાબની તહેનાતમાં રહ્યા. એ પછી સને ૧૯૪૪માં સ્થાનિક શાળામાં શિક્ષક તરીકે નોકરી પણ કરી.

> *સમગ્ર ગઝલનો તાર સ્વર સૃષ્ટિના સર્જન અને હિન્દુ અવતારી સંદર્ભ સાથે જીવનની સચ્ચાઈને પેશ કરે છે. ગઝલકારનો સ્થાયી ભાવ અધ્યાત્મની ઊંડાઈ છે તો અગમના ભેદ ઉકેલવાની ઊંચાઈ પણ છે. આ જ તો સનાતન સત્ય છે, અને એમાં ભગવાન જે હું શબ્દનો પ્રયોગ કરે છે, તેની પાછળ તેમનું હુંપણું તો જરાય નથી. આ જ તો સત્ય છે*

સને ૧૯૬૨થી સને ૧૯૮૭ એમ સળંગ પચ્ચીસ વર્ષ 'શૂન્ય' પાલનપુરીએ મુંબઈ વસવાટ કર્યો અને અહીં "મુંબઈ સમાચાર" દૈનિકમાં પત્રકારત્વ કર્યું. નિવૃત્તિ બાદ તેઓ સને ૧૯૮૭માં મોસાળ પાલનપુર પાછા ફર્યા અને અહીં જ તા. ૧૭મી માર્ચ, ૧૯૮૭ના રોજ તેમનું નિધન થયું.

પ્રસ્તુત ગઝલમાં 'શૂન્ય' સાહેબે માણસમાત્રના જીવનની વિડંબનાને પ્રત્યેક શે'રમાં ઉજાગર કરી આપી છે. આપણો સૌનો અનુભવ છે કે કોઈને પોતાના કામમાંથી નવરાશ, ફુરસદ મળતી નથી. આજની ફાસ્ટ લાઈફમાં રસ્તે ચાલનારથી માંડીને ફ્લાઈટમાં ઉડનાર દરેક માણસ "બિઝી" છે તો "ટેન્સ" પણ છે. ગઝલમાં ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાજી ભાવ આપણને સહજ ભાવે અનુભવાય છે. પ્રત્યેક શે'રમાં દાવા-દલીલનો અંદાજ નિરાળો છે. જિંદગીની સચ્ચાઈને કોઈ જ આંટીઘૂંટી વિના સરળ બાનીમાં, સરળ શબ્દોમાં આપણી સમક્ષ રજૂ કરી છે. તેઓએ હિન્દુ ધર્મના અવતારનો સંદર્ભ પણ લીધો છે તો સૃષ્ટિના સર્જન અને સર્જનહારનો સંદર્ભ પણ લઈને ગઝલને નવું જ પરિમાણ બક્ષ્યું છે. આવો, સમગ્ર ગઝલ માણીએ:

"જિંદગીના કાર્ય કેરી હદ નથી,
શ્વાસને મરવાની પણ ફુરસદ નથી."

મત્લાના આ શે'રમાં ગઝલકારે જિંદગીની સચ્ચાઈ બયાં કરી છે કે દરેક વ્યક્તિનો સમગ્ર કાળ કામકાજમાં વીતે છે છતા તેના કામનો કોઈ અંત આવતો નથી. ઘડી – બે ઘડી પણ માણસને આજના જમાનામાં આરામ, નિરાંત, ફુરસદ મળતી નથી અથવા માણસ જંપીને બેસતો જ નથી. બસ, કામ, કામ ને કામ. જો કે સમય તો સમયનું કામ કર્યે જ જાય છે. માણસને ભલે મરવાની ફુરસદ ન હોય પરંતુ મોત તો કોઈને છોડતું નથી. એક દિવસ એવો આવે જ છે કે જ્યારે શ્વાસ થંભી જતા હોય છે. જિંદગીની ગાડી પાટા ઉપરથી ઉથલી જતી હોય છે.

"માત્ર ત્રણ પગલાં છે સૃષ્ટિની વિસાત!
અવનિમાં વામનથી મોટું કદ નથી."

આ શે'રમાં 'શૂન્ય' પાલનપુરીએ હિન્દુ ધર્મનો સંદર્ભ લઈને ભગવાનના વિવિધ અવતારો પૈકી વામન અવતારનો ઉલ્લેખ કરીને ગઝલિયતની દાવા-દલીલની ગરવાઈને ઊંચાઈ પણ બક્ષી છે. વામન ભગવાને આમ તો બલિ રાજા પાસે વરદાનમાં ત્રણ પગલાં ભૂમિનું દાન માગ્યું હતું અને બલિ રાજા દાન આપવા વચનથી બંધાયા ત્યારે ભગવાને ફક્ત ત્રણ જ ડગલામાં સમગ્ર સૃષ્ટિ માપી લીધી હતી. વામનનો અર્થ જ નાના કદને અભિપ્રેત છે. આમ છતા ભગવાને એ પુરવાર કરી આપ્યું હતું કે અવનિલોકમાં વામન અવતારથી મોટું કોઈ નથી.

"રૂપના પરદા લગી આવી ગઈ,
એથી આગળ તો નજરની હદ નથી."

નજરની વાતને બહેલાવીને આ શે'રમાં કહેવામાં આવી છે. ઉલા મિસરામાં રૂપના પરદા લગી જે આવી ગઈ છે તેની વાત કરવામાં આવી છે. પણ શું? એ દલીલ પણ સાની મિસરામાં કરવામાં આવી છે. નજરની હદનો ત્યાં અંત આવી જાય છે કે જ્યાં રૂપનો પરદો લગાવવામાં આવ્યો છે. રૂપ સમાન પરદો એ જાણે કે ક્ષિતિજ છે. આ ક્ષિતિજથી આગળ નજર પહોંચતી નથી અને પહોંચવાની પણ નથી. પ્રિયાને નિહાળવા માટે લંબાયેલી, ફેલાયેલી નજર પણ રૂપના પરદા આગળ આવીને અટકી જાય છે, અવરોધાઈ જાય છે. પ્રિયજનને એથી આગળ કશું જ દેખાતું નથી. આમ પણ પ્રેમની આ પરાકાષ્ઠા છે કે પ્રિયજનને પ્રેમ સિવાય અને પ્રિયા સિવાય કશું જ દેખાય નહિ. ભક્તકવિ નરસિંહ મહેતાએ લખ્યું છે ને કે "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે. દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે."

"મેં તો માન્યું, સ્વર્ગમાં આરામ છે,
તું જ કર પુરવાર ત્યાં નારદ નથી."

મત્લાના શે'ર પછી તરત શાયરે હિન્દુ ધર્મના અવતારી પુરુષ ભગવાન વામન દેવનો ઉલ્લેખ કર્યો એમ આ ચોથા શે'રમાં તેઓ સ્વર્ગ અને નર્કની વ્યવસ્થાને કર્મના સિદ્ધાંતની બારીકાઈ સાથે વ્યક્ત કરે છે. સુખ એટલે સ્વર્ગ અને દુઃખ એટલે નર્ક. ઉલા મિસરામાં આ વાતને ગૂંથવામાં આવી છે કે સ્વર્ગમાં આરામ હોવાની ભલે ને સર્વવ્યાપક માન્યતા છે પણ સ્વર્ગમાં નારદની હાજરી પણ હોય. હવે નારદનું પ્રતીક ઝગડા, ટંટા, વૈમનસ્ય, કિન્નાખોરી ઈત્યાદીને પણ પ્રતિબિંબિત કરે છે. મૂળ તો નારદ ઋષિ સમાચારોના વાહક છે. અહીંના સમાચાર ત્યાં અને ત્યાંના સમાચાર અહીં પહોંચાડવા માટે તેઓ જાણીતા છે. તેમના બોલાયેલા શબ્દો કે સમાચારથી કોઈને હાનિ પહોંચે કે દુઃખ થાય તો સ્વર્ગમાં પણ

અનુસંધાન પાના નં ૭ પર

વિરહ, મિલન, વિરહ : એક અનંત યાત્રા

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી

vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

ભક્તિમાર્ગમાં કાળની દૃષ્ટિએ પણ વિરહના ત્રણ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે તેમાનો એક પ્રકાર છે ભવિષ્ય વિરહ. પોતાના પ્રિયજન ભવિષ્યમાં પોતાને છોડીને દૂર ચાલી જશે એવી આશંકાથી ચિતમાં જે વિરહભાવ જાગે છે તેને ભવિષ્ય વિરહ કહે છે. વર્તમાનમાં પ્રિયજન પોતાની નિકટ હોવા છતાં ભવિષ્યની આશંકાને કારણે વ્યકિત વિરહભાવથી પીઃડાય છે. વિરહનો વર્તમાનભાવ ત્યારે જાગે છે જ્યારે સ્નેહીજન વ્યકિતની સાથે, વ્યકિતની નિકટ હોવા છતાં તેને નિકટનીતાની અનુભૂતિ નથી થતી અને વિરહની પીઃડા થયા કરે છે. ભૂતકાળમાં સ્નેહીજન વ્યકિતથી દૂર હોય અને ત્યારે અનુભવેલા વિરહને યાદ કરી કરીને વિરહ ભાવ અનુભવે છે તેને ભૂતવિરહ કહે છે.

વિરહભાવની આ દસેય પ્રકારની અવસ્થાઓ અને કાળ પ્રમાણેની ત્રણેય પ્રકારની અવસ્થાઓ વેદનાભરી હોય છે. વિરહભાવ અનુભવતી વ્યકિત વિરહભાવની કોઈ એક કે એકથી વધારે અવસ્થાઓ ભોગવતી હોય છે ત્યારે તેની અસર તેના આપ્તજનો, કુટુંબીજનો કે તેની સાથે કે આસપાસ રહેતી વ્યકિતઓને પણ થાય છે. એક વ્યકિતની વિરહભાવની અવસ્થા અન્ય લોકોને પણ વ્યાકુળ કરી મૂકે છે અને તેને કારણે તેની આસપાસનું સમગ્ર વાતાવરણ પણ વ્યાકુળ થઈ શકે છે.

વિરહ અને મિલન એક સિક્કાની બે બાજુ છે. અલબત તેના સ્વરૂપો અને અવસ્થાઓ જુદી હોય છે. આ અવસ્થાઓ સ્થળ, સમય, પરિસ્થિતી અને મનઃસ્થિતિ સાથે બદલાતી રહે છે. વિરહભવમાં ઋતુઓ પણ અસર કરે છે. જેમ કે વર્ષાઋતુમાં વિરહભાવ અનુભવતી વ્યકિતની અનુભૂતિ પ્રબળ હોય છે એવી જ રીતે વસંતઋતુમાં પણ વ્યકિત વિરહભાવની એક થી વધારે અવસ્થાઓ માથી પસાર થતી હોય છે કારણ કે એ ઋતુમાં વિરહભાવ તીવ્ર હોય છે.

વિરહની વેદના અને મિલનનો આનંદ એ કોઈપણ વ્યકિતઓ માટે અને ખાસ કરીને સ્ત્રી અને પુરુષ, પતિ અને પત્ની, પ્રિયતમ અને પ્રિયતમા સાથે જોડાયેલી અતૂટ સંવેદનાઓ છે. લાંબા વિરહ પછીનું મિલન વ્યકિતના જીવનનો એક ઉત્સવ બની જાય છે અને મિલન પછીનો વિરહ એક હૃદયદ્રાવક ઘટના. વિરહ વ્યકિતને વ્યાકુળ, ચિત્તભ્રમ અને અસ્વસ્થ બનાવી દે છે જેમાં ક્યારેક વ્યકિત પોતાની જાતને જ ભૂલી જાય છે અને વિરહની જુદી જુદી અવસ્થાઓમાં જીવતી વ્યકિત ક્યારેક મૃતઃપાય અવસ્થામાં જીવવા લાગે છે. એ વ્યકિતને પોતાની જાતમાં પણ કોઈ જ પ્રકારનો રસ રહેતો નથી અને માત્ર જીવવા ખાતર શ્વાસ લે છે અને પોતાની જાતને એક અંધકારથી પોતે જ ઘેરી લે છે.

ચૈતન્ય મહાપ્રભુજીએ પોતાની એક માત્ર રચના ' શ્રી ચૈતન્ય શિક્ષાષ્ટક' માં વિરહ અને વિરહને કારણે વ્યકિતની થતી મનોદશા વિષે લખ્યું છે કે;

યુગાયિતં નિમેષેણ ચક્ષુષા પ્રાવૃષાયીતમ।
શૂન્યાયિતં જગત્સવં ગોવિન્દ વિરહેણ મે ॥

અર્થાત, ગોવિંદના વિરહમાં મને નિમેષ જેટલો સમય યુગ સમાન જણાય છે. મારા નેત્રમાથી સતત વર્ષાની (અશ્રુની) ધારાઓ વહેતી રહે છે અને સંપૂર્ણ જગત મને શૂન્ય સમાન લાગે છે.

ગોકુળમાં પોતાનું બચપણ ભવ્ય રીતે વિતાવીને શ્રીકૃષ્ણ મથુરા ગયા પછી શ્રીરાધાજી, ગોપીઓ અને ગોવાળોનું જીવન શ્રીકૃષ્ણના વિરહમાં કેવી વ્યથામાં પસાર થયું હતું તેની વાતો આપણે વાંચી છે અને સાંભળી પણ છે. શ્રીકૃષ્ણના વિરહમાં માત્ર રાધાજી, ગોપીઓ કે ગોવાળો જ નહીં, યશોદામાતા અને પિતા નંદરાય સહિત સમગ્ર ગોકુલના પ્રજાજનો, ગયો, પશુઓ, પંખીઓ અને સમગ્ર પ્રકૃતિ વિરહમે બની ગઈ હતી. શ્રીકૃષ્ણના વિરહમાં તેઓ વિરહભાવની ઘણીબધી અવસ્થાઓમાથી પસાર થયા હતા તેના વર્ણનો શ્રીમદ ભાગવતમાં અને અન્ય પૌરાણિક ગ્રંથોમાં છે?

શ્રીરામ અને સીતાજી સાથે લક્ષ્મણજી પણ ચૌદ વર્ષ વનમાં ગયા ત્યારે લક્ષ્મણની પત્ની ઉર્મીલાજી ચૌદ વર્ષ વિરહની કેવી અવસ્થાઓમાંથી પસાર થયા હતા તેના વર્ણનો શ્રીરામચરિત માનસમાં છે. રાણી કૈકેયીએ રાજા દશરથ પાસેથી શ્રીરામના ચૌદ વર્ષના વનવાસનું વચન માંગ્યું પછી પિતાના વચનને ખાતર શ્રીરામ પોતાને છોડીને વનમાં ચાલ્યા જશે અને શ્રીરામનો વિરહ પોતે સહન નહીં કરી શકે એ આઘાતથી દશરથજીનું મૃત્યુ થયું હતું તેનું વર્ણન પણ શ્રીરામચરિત માનસમાં છે. આમ કોઈપણ સ્નેહીજનનો વિરહ વ્યકિતને અકલ્પનીય વેદના અને વ્યથા આપે એવા ઘણા દાખલાઓ અને પ્રસંગો આપણાં પુરાણોમાં છે, ઈતિહાસમાં છે અને ભૂતકાળમાં પણ છે.

બે સ્નેહીજનો જીવનમાં પહેલીવાર વિખૂટા પડે છે યાર પછીના વિરહની વેદનાની માત્ર વધારે અને અસહ્ય હોય છે. પહેલીવાર વિખૂટા પડ્યા પછી બંનેનું જ્યારે પહેલીવાર મિલન થાય છે ત્યારનો ઉત્સાહ, આનંદ અને આવેગની માત્રા પણ અકલ્પનીય હોય છે. એ મિલન બંને સ્નેહીજનોને અનર્ગલ આનંદ- દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે. શ્રીકૃષ્ણ ગોકુળ છોડીને પહેલીવાર ગયા મથુરા ગયા હતા, ગોકુળજનો શ્રીકૃષ્ણથી પહેલીવાર વિખૂટા પડ્યા હતા એટલે તેઓની વિરહભાવની માત્રા વધારે અને અસહ્ય હતી.

(ક્રમશઃ)